S.C.

Seat No : ________

No. of printed Page : 04

[A-7]

**SARDAR PATEL UNIVERSITY**
**FYBA ( External ) Examination**
**Friday, 27th April 2018**
**10:00 A.M. To 01:00 P.M.**
**TRANSLATION PAPER : 1 (Code : TRA-101)**
**(ENGLISH & NON ENGLISH STREAM)**

**Total Marks : 100**

પ્રશ્ન : ૧ અનુવાદ એટલે શું? સમજાવીને અનુવાદના પ્રેરક પોષક પરિબળોની વિગતે ચર્ચા કરો. (૨૦)

<u>અથવા</u>

પ્રશ્ન : ૧ નીચેના વિશે નોંધ લખો.

(૧) અનુવાનું પ્રયોજન અને તેની અનુવાદ પ્રક્રિયા પર પ્રભાવ.
(૨) સ્રોત ભાષા તથા લક્ષ્ય ભાષાના સંદર્ભમાં અનુવાદનું કાર્ય.

પ્રશ્ન : ૨ (અ) નીચે દર્શાવેલ શબ્દોના ગુજરાતી તથા હિન્દી અર્થ લખો. (ગમે તે પંદર) (૧૫)

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Advance | (8) | Bonus | (15) | Promotion |
| (2) | Age Limit | (9) | Hostel | (16) | Reservation |
| (3) | Journalism | (10) | Novel | (17) | Voucher |
| (4) | Founder | (11) | Berth | (18) | Cortoon |
| (5) | Merit | (12) | Date | (20) | Zoo |
| (6) | Pen-name | (13) | Literature | | |
| (7) | Draft | (14) | Galexy | | |

(બ) નીચે આપેલા શબ્દસમૂહ અને ટૂંકારૂપના ગુજરાતી અને હિન્દી અર્થ તથા વિસ્તૃત રૂપ લખો. (ગમે તે પાંચ) (૧૫)

| | | | |
|---|---|---|---|
| (1) | Tit for tat | (6) | N S S |
| (2) | Burning desire | (7) | L I C |
| (3) | Silence is golden | (8) | H R A |
| (4) | Come to an end | (9) | B B C |
| (5) | Haste makes waste | (10) | D D O |

(P.T.O.)

પ્રશ્ન : ૩ Translate the following paragraph in to Gujarati. (૧૩)

English poet, Sir Walter Scott said that Patriotism means love of one's country. There was a time when one of the noblest moral sentiments was: "Country above self." It is still the motto of many armed forces in the world. But gradually, people are becoming more and more self-centred and less patriotic. There are very few now who will do anything for their country. A mere expression of love to one's country, however, is not enough. One should show it in every possible way. One should do nothing to injure the country's interests or bring a bad name to the country. Patriotism, said Dr. Johnson, "is the last refuge of scoundrel." He meant that a wicked man uses patriotic appeals to cheat his people for his personal gain. This is, of course, very true today. Much evil is being practised in the name of the country. True patriotism is rare today. "My country, right or wrong," is not the general sentiment. But if patriotism leads one to fanaticism it becomes an evil. Love of one's country must not be allowed to blind one to one's country's faults and weakness. Indeed, the true patriot is not one who doesn't see his country's faults, but one who seeks ways and means of rectifying them.

<u>OR</u>

India has the larger number of festivals in the world. In other countries, festivals are chiefly religious; only a few are secular or social. But in our country, festivals are an intimate part of our religious as well as secular life. They are at the same time related to some ancient religious legend, to the cycle of seasons, and to the community's need of change, release, and economic well-being. In short, our festivals often mark the start of a new season or year, or they are meant to remain people of their moral or spiritual tradition and heritage. In other words, the one important purpose of our festivals to ensure an orderly and harmonious community life, through releasing tension, through cleaning houses or hearts, and through dedicating ourselves once again to our culture values. This is true of such important festivals as Holi, Diwali and Dusserah. While I eagerly wait for all our major and minor festivals, I like Dusserah the most. I believe that the rising prices of everything may prevent the excessive use of colour during the Holi; and the use of lamps and candles on the Diwali night. The Diwali may soon get restricted to cleaning our houses, worshipping the goddess Laxmi, and starting the new year business. Some people grumble and complain that this festival means much waste. But you cannot have so much fun as well as moral reassurance of power of good at no cost.

પ્રશ્ન : ૪ નીચેના પરિચ્છેદનો અંગ્રેજી માં અનુવાદ કરો. (૧૨)

'શીલ તેવી શૈલી' એમ કહેવાય છે પણ પ્રત્યેક સર્જન માં તેના સર્જકનું શીલ હંમેશા અને એક સરખી રીતે પ્રગટતું નથી. કેટલીક સાહિત્ય કૃતિઓમાં તેના કર્તાની જીવનભાવનાઓનું પ્રતિબિંબ જણાય છે, પણ, કેટલીક કૃતિઓમાં સર્જકના નિરૂપણને તેના શીલ સાથે કોઈ જ સંબંધ જણાતો નથી. સર્જકના શીલની શુદ્ધિ તેના સાહિત્યમાં કંડારાય એવો સનાતન નિયમ નથી. દારૂ તેમજ અન્ય વ્યસનોમાં ફસાયેલા ઉત્તમ સંગીતકારો ન હોય એવું બનતું નથી. કાકાસાહેબ કહે છે : 'કેટલીક વાર ગંદુ ખાબોચિયું પણ સ્વચ્છ અને તારાજડિત આકાશનું પ્રતિબિંબ હૈયામાં ધારણ કરે છે.' આપણા પંડિત યુગના સર્જક મણિલાલ દ્વિવેદીનું જીવન અને સર્જન આનો ઉત્તમ પુરાવો છે. તેમના ચારિત્યમાં નબળી કડીઓ હોવા છતાંય તેમના

સર્જનમાં ઉત્તમ તત્વદ્રષ્ટાની ગહનતા આશ્ચર્યમુગ્ધ કરે છે. આમ, કલાકાર ઘણીવાર પોતાની વૃત્તિઓથી પર બનીને જીવનનું તટસ્થ ભાવે દર્શન કરે છે. આનંદ શંકરે યોગ્ય જ કહ્યું છે : 'મનુષ્ય અદ્દભુત પ્રાણી છે. તેના સ્થૂળ અને સૂક્ષ્મ દેહ કેટલીકવાર જુદા પડે છે.... સ્થૂળ દેહના આચારમાં એ ઘણા દોષ કરતો હોય તે છતાં એનું મન ઊંચું અને પવિત્ર હોય અને એ જ એની સાહિત્યકૃતિ માં પ્રગટે.' ઉમાશંકર જોશી પણ કહે છે : 'શૈલી માણસ નું પૂરું શીલ બતાવી શકતી નથી. તે તો માણસનું માત્ર વાઙ્મય રૂપ શીલ બતાવે છે. સમગ્ર પુરુષ એના કરતાં ઘણો મોટો હોઇ શકે. માણસનાં કાર્યો ઘૃણાસ્પદ હોય તેમ છતાં એની શૈલી સારી હોય અને કાર્યો સારાં હોય છતાં શૈલી સારી ન હોય એમ બને છે.'

<u>અથવા</u>

અત્યારે યુવાવસ્થા સ્પૃહણીય ગણાય છે. મોટી ઉંમરે પણ યુવાવસ્થા હોવી એ ધન્ય ગણાય છે. ત્યારે હું પૂછી શકું કે યુવાન કોને જાણવો? જન્મ પામ્યાને થોડા વર્ષો થયાં હોય એટલે ઉપરથી જ યુવાન ગણી શકાય? નહિ જ,જો નાની ઉંમર છતાં પણ માણસ બુઢ્ઢાની માફક ભવિષ્યની ચિંતા કરતો ફરે,લાભાલાભનો હિસાબ ગણવા બેસે,ભય અને ગણત્રીબાજીથી ઉભરાતા જીવનના ઉલ્લાસને દબાવી દે તો એ યુવાન શેનો? પોતાની વૃત્તિઓને સ્વાર્થની મર્યાદામાં સંકડાવે અને તેને સ્વતંત્ર લીલા ન કરવા દે તો તે યુવાન શેનો? અને આ કસોટીએ ભેગા મળેલામાંથી કેટલાને આપણે યુવાન ગણી શકીશું? આપણે અનેક વિદ્યાર્થીઓને – હું ખાસ તેમને જ ઉદ્દેશીને જ બોલું છું – પોતાની શક્તિને અનુકૂળ નહિ પણ પરીક્ષાના પરિણામને અનુકૂળ વિષય કે ભવિષ્યમાં સારી નોકરી મળે એને માટે અમુક વિષય નક્કી કરતા નથી જોતા? આવી ચિંતા,નિર્વાહની ફિકર વૃદ્ધને હોય, યુવાનને ન શોભે.

પ્રશ્ન : ૫ નીચેના પરિચ્છેદનો હિન્દીમાં અનુવાદ કરો. (૧૩)

જર્મનીના એક રાજાનો કિસ્સો છે. એક દિવસ એ પોતાના આઠ પ્રધાનો સાથે બેઠો હતો. એણે પ્રધાનને કહ્યું,'આપણા રાજ્યની આટલી બધી આવક છે છતાં તિજોરીમાં પૈસો કેમ આવતો નથી?'
એક પ્રધાને કહ્યું,'મહારાજા,ખોટું ન લાગે તો કહું.'
રાજાએ કહ્યું, 'ખોટું નહીં. લાગે,જે કારણ હોય તે વિના સંકોચે કહો.'

પછી પ્રધાને બજારમાંથી એક શેર બરફ મંગાવ્યો અને છેલ્લે બેઠેલા પ્રધાનના હાથમાં આપ્યો. છેલ્લાએ એની આગળના પ્રધાનને આપ્યો. એમ કરતાં કરતાં બરફ બધા પ્રધાનોના હાથમાંથી પસાર થઇ રાજાના હાથમાં પહોચ્યો ત્યારે દોઢ પાશેર રહ્યો।આ કિસ્સાથી રાજાને રાજ્યની તિજોરીમાં પૈસા કેમ ભેગા નથી થતા એનો મર્મ સમજાઈ ગયો.

આજે આપણી પણ આ સ્થિતિ થઈ છે. આપણે પરાધીન થઈ ગયા છીએ. આપણા ભલાઈના કામો આપણે જાતે ન કરી શકીએ,એતો સરકાર જ કરી શકે, એવી મનોવૃત્તિ આપણામાં દ્રઢ થઈ છે અને સરકાર મારફત બધાં કામો કરાવવા જતાં તો ઉપરના કિસ્સામાં કહ્યું છે તેવુ જ થાય. પ્રજાના લાભ માટે એક શેર બરફ આપવામાં આવ્યો હોય,તો સરકારી તંત્રમાંથી અને લાંબીલપસંદર વિધિઓમાંથી પસાર થતો તે પ્રજાના હાથમાં પહોંચે,ત્યારે માંડ દોઢ પાશેર જ રહ્યો હોય। માટે કરવું તો એમ જોઈએ કે સરકારનાં એક-એક કામો ધીરે-ધીરે જનતા જાતે કરતી થાય.

<u>અથવા</u>

અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે,પણ સામૂહિક જીવનમાં જોવા મળતી નથી.આપણે આપણા ઘરનો કચરો કાઢી પડોશી કે સામાના આંગણામાં નાખીએ છીએ,આપણે કેરી ખાઈને છાલ-ગોટલા સામાના આંગણામાં પધરાવીએ છીએ, દાતણ કરીને ચીરીઓ સામે નાખીએ છીએ. આમ આપણે પરસ્પર સહકારથી ગંદા રહીએ છીએ.આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝ્યા. ઠેઠ આફ્રિકાથી એમણે આ ઝુંબેશ શરૂ કરી હતી. એમણે સ્વચ્છ જીવનનો કેવળ ઉપદેશ જ ન કર્યો એના દાખલા પુરા પાડ્યા. એમના બધા જ આશ્રમોમાં અને બીજી સંસ્થાઓમાં સ્વચ્છતાનો આગ્રહ સદા સેવાતો.સ્વચ્છતા શી રીતે જળવાય એનો વિચાર કરી એમણે જીવનપદ્ધતિ અને સાધનો પણ ઉપજાવી કાઢ્યા અને તેનો પ્રચાર કર્યો.પાયખાના અને મૂતરડીઓ,રસોડા અને ખાતરના ખાડા કેવા હોય અને કેમ સ્વચ્છ રખાય એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું અને તેનો સર્વત્ર આગ્રહ રાખ્યો. જાજરૂની સફાઈને એમણે સંસ્થાની કસોટી બનાવી મૂકી.અમનું પોતાનું જાજરૂ એટલું સ્વચ્છ રહેતું કે એઓ ઘણું વાંચન ત્યાં જ કરતા. એક વાર શ્રીનિવાસ શાસ્ત્રી આશ્રમમાં આવેલા. તેમને આશ્રમના જુદાં જુદાં સ્થાનો બતાવ્યાં તેમાં ગાંધીજીનું પાયખાનું પણ બતાવ્યું તેમાં તે વખતે ખૂબ ચર્ચાતો ફિસ્કલ કમિશનનો અહેવાલ પડ્યો હતો,તે જોઈને શ્રી શાસ્ત્રીએ પૂછ્યું કે ગાંધીજી કાગળ વાપરે છે? ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે ના, એઓ અહીં એ વાંચે છે. ગાંધીજીનું પાયખાનું 'લાઇબ્રેરી' તરીકે ઓળખાતું એનું આ કારણ છે.



(P.T.O.)

प्रश्न : ६ निम्नलिखित परिच्छेद का गुजराती में अनुवाद कीजिए। (१२)

प्रेमचन्द की कहानियों में विषय वैविध्य दिखाई पड़ता है। किसी अन्य कथाकार ने जीवन के इतने व्यापक फलक को अपनी कहानियों में नहीं समेटा जितना प्रेमचन्द ने। उनकी अधिकांश कहानियों का विषय ग्रामीण जीवन से लिया गया है, किन्तु कई कहानियाँ कस्बे की जिन्दगी या स्कूल-कालेज से जुड़ी हुई हैं। उनकी कहानियों के पात्र हर वर्ग, धर्म, जाति के हैं। कोई हिन्दू है तो कोई मुसलमान, कोई किसान है तो कोई विद्यार्थी। अपनी कहानियों में उन्होंने विविध समस्याओं को उठाया है; यथा-किसानों के शोषण की समस्या, रूढ़ि एवं अन्ध-विश्वास, संयुक्त परिवार की समस्या, भ्रष्टाचार एवं व्यक्तिगत जीवन की समस्याएँ आदि। प्रेमचन्द की प्रारम्भिक कहानियाँ - पंच परमेश्वर, नमक का दारोगा, ईदगाह, प्रेरणा आदि में आदर्श का पुट दिया गया है जबकि परवर्ती कहानियाँ; यथा-पूस की रात और कफ़न में यथार्थ का पुट है। स्पष्ट है कि वे आदर्शवाद से यथार्थवाद की ओर अग्रसर हुए। प्रेमचन्द का कथा-शिल्प भी उत्तरोत्तर विकास पथ पर अग्रसर रहा है। प्रारम्भिक कहानियों में इतिवृत्तात्मकता अधिक है तथा चरित्र चित्रण की मनोवैज्ञानिकता के स्थान पर व्यक्ति के आचरण का वर्णन अधिक किया गया है। पंच परमेश्वर इसी कोटि की कहानी है।

<u>अथवा</u>

राजभाषा का अर्थ है संविधान द्वारा स्वीकृत सरकारी कामकाज की भाषा। किसी देश का सरकारी कामकाज जिस भाषा में करने का कोई निर्देश संविधान के प्रावधानों द्वारा दिया जाता है, वह उस देश की राजभाषा कही जाती है। भारत के संविधान में हिन्दी भाषा को राजभाषा का दर्जा दिया गया है, किन्तु साथ ही यह प्रावधान किया गया है कि अंग्रेजी भाषा में भी केन्द्र सरकार अपना कामकाज तब तक कर सकती है जब तक हिन्दी पूरी तरह राजभाषा के रूप में स्वीकार्य नहीं हो जाती। प्रारम्भ में संविधान लागू होते समय सन् 1950 में यह समय सीमा 15 वर्ष के लिए थी अर्थात् अंग्रेजी का प्रयोग सरकारी कामकाज के लिए सन् 1965तक ही हो सकता था, किन्तु बाद में संविधान संशोधन के द्वारा इस अवधि को अनिश्चितकाल के लिए बढ़ा दिया गया। यही कारण है कि संविधान द्वारा हिन्दी को राजभाषा घोषित किए जाने पर भी केन्द्र सरकार का अधिकांश सरकारी कामकाज अंग्रेजी में हो रहा है और वह अभी तक अपना वर्चस्व बनाए हुए है। केन्द्र सरकार की राजभाषा के अतिरिक्त अनेक राज्यों की राजभाषा के रूप में भी हिन्दी का प्रयोग स्वीकृत है। जिन राज्यों की राजभाषा हिन्दी स्वीकृत है, वे हैं - उत्तर प्रदेश, दिल्ली, हिमाचल प्रदेश, हरियाणा, मध्य प्रदेश, राजस्थान, बिहार, झारखण्ड, छत्तीसगढ़ एवं उत्तरांचल। इन राज्यों के अलावा अन्य राज्यों ने अपनी प्रादेशिक भाषा को राजभाषा का दर्जा दिया है।